ગાંધીનગર સમાચાર

ડબલ મર્ડરનો આરોપી રાજુ ૧૦ દિવસનાં રિમાન્ડ પર

# ઘ-૫ની ફૂડ કોર્ટમાં જ દબાણોનું દંગલ

**ફૂડકોર્ટ નિર્માણ પાછળ લાખ્ખોનો ખર્ચ કરાયો પરંતુ તંત્રની રહેમ નજર હેઠળ તોતિંગ શેડ તાણી બંધાયા છે : બિન્દાસ બનતા વેપારીઓના લીધે ખાણી-પીણી બજાર દબાણોથી વિસ્તરતુ જાય છે : વેપારીઓ પાર્કીંગમાં પણ ટેબલ-ખુરશી ગોઠવી વાહનચાલકો સામે દાદાગીરી કરે છે તો દબાણતંત્રના અધિકારીઓને આ તોતિંગ દબાણો દેખાતા નથી માત્ર ઝુંપડા ને લારીગલ્લા જ દેખાય છે**

ગાંધીનગર, તા. ૮

શહેરના સેક્ટર-૧૬ સ્થિત ફૂડકોર્ટ (ખાણીપીણી બજાર)માં વેપારીઓ તમામ નિયમો નેવે મુકી સતત દબાણો વધારી રહ્યા છે. વેપારીઓએ કોઈપણ જાતની પરવાનગી લીધા વગર દુકાનોના કેબીન આગળ મોટા મોટા તોતિંગ સેડ બનાવી દિધા છે અને દુકાનની આસપાસ સવાર સાંજ ટેબલ ખુરશી ગોઠવી ફૂડકોર્ટ ફરતા માર્ગો પર અડીંગો જમાવી દીધો છે. આથી આસપાસના કોમ્પલેક્ષમાં કામકાજ અર્થે આવતા મુલાકાતીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને કોઈ મુલાકાતી આ વેપારીની દુકાનની આસપાસ કાર કે વાહન પાર્ક કરી દે છે તો આ વેપારી સીધી જ દાદાગીરી પર ઉતરી આવે છે. આથી વારંવાર ઘર્ષણ અને ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. ત્યારે દબાણતંત્રના અધિકારીઓએ ઝુંપડા-લારીગલ્લા હટાવ્યા પછી આ દબાણો પણ હટાવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે. લોકમાંગને ધ્યાને લઈ દબાણતંત્ર આળસ ખંખેરી બેફામ દબાણ કરતા વેપારીને ત્યાં ત્રાટકી દબાણો ઉખેડી ફેંકે તે જરૂરી છે.

ગાંધીનગર શહેરમાં વર્ષોથી ખાણી-પીણી બજારો ગેરકાયદેસર રહ્યા છે. આ બજારને નિયંત્રીત કરવા આયોજનબદ્ધ દુકાનો માટે સેક્ટર-૧૬ વાણિજ્ય કોમ્પલેક્ષ વિસ્તારની પાછળ આખુ ફૂડકોર્ટ ઉભુ કરવામાં આવ્યું હતું. લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ ફૂડકોર્ટ વર્ષો સુધી ખંડેર બની રહી અને તેને રીનોવેટ કરવા મૂળ ખર્ચ કરતા પણ વધારે ખર્ચ કરવો પડ્યો હતો. આમ છતાં ઘણા લાંબા સમય પછી આ ફૂડકોર્ટની ફાળવણી થતા હાલ આ ફૂડકોર્ટ ધમધમી રહી છે. ત્યારે આ




ખાણી-પીણી બજારના વેપારીઓએ પણ દબાણો ઉભા કરવાનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

આ વેપારીઓ સતત દિવસે ને દિવસે દબાણોનો વ્યાપ વધારી રહ્યા છે. આ વેપારીઓએ ૧૦ બાય દસની દુકાન એરિયા સિવાયના આસપાસ કોર્નર વિસ્તારોમાં દુકાન ઉપરના ભાગે ગેરકાયદેસર તોતિંગ પતરા સેડ ઉભા કરી દીધા છે. અને દુકાન સિવાયની આસપાસની જગ્યા પચાઈ પાડી પોતાનો અડીંગો જમાવી દિધો છે. આથી જૂના શાલિમાર સિનેમા પાસેના વિસ્તારમાં મુલાકાત લેવા આવતા મુલાકાતીઓને પોતાના વાહન ક્યાં મુકવા તે મોટો પ્રશ્ન બની ગયો છે. ધંધાના સમયે જો કોઈ રાહદારી કે વાહન ચાલક કઈ કહે તો આ વેપારીઓ દાદાગીરી પર ઉતરી આવે છે અને જાહેર જગ્યાઓ પોતાના બાપની હોય તેમ રોફ જમાવે છે. આથી અનેકવાર ટ્રાફિક અને પાર્કિંગને લઈ ભારે સમસ્યા અને ઘર્ષણ ઉભુ થાય છે.

દરરોજ સવાર સાંજ ફૂડકોર્ટની આસપાસની જગ્યા પર અસંખ્ય ટેબલ ખુરશી મુકી દેવાતા આ ટેબલ ખુરશી વાહનને અડચણરૂપ બને છે. વેપારીઓએ તમામ નિયમો નેવે મુકી તોતિંગ શેડ કોની પરવાનગીથી ઉભા કરી દીધા છે તે પણ સમજાતુ નથી. શહેરમાં છેલ્લા ઘણા સમયથી દબાણ તંત્ર એક્ટીવ મોડમાં છે. અને ઠેર ઠેર ઝુંપડા અને નાના-નાના લારી ગલ્લા હટાવી દબાણ કામગીરી કરી રહ્યા છે. તે સારી વાત છે પણ આ અધિકારીઓને આ ગેરકાયદેસર દબાણો કેમ દેખાતા નથી ? કોઈ અધિકારી આ બેફામ બનેલા ફૂડકોર્ટ (ખાણીપીણી બજાર)ના વેપારીને પુછવા કે જોવા પણ તૈયાર નથી ત્યારે અધિકારીઓની આ વેપારીઓ સામેની નરમાઈ કેમ ?

શહેરમાં દબાણો દૂર કરનાર અધિકારીઓએ ક્યારેક આ ખાણીપીણીના બજાર તરફ નજર નાંખવાની જરૂરીયાત છે. અને બિનકાયદેસર દબાણો દૂર કરી દંડનીય કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠવા પામી છે. જેથી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાનો નિકાલ થવા પામશે તો દબાણ તંત્રએ આ દબાણકારો-વેપારીઓ સામે તુરંત કાર્યવાહી કરવાની જરૂરીયાત છે તેવી નગરજનોની માંગ છે.

## @ગાંધીનગર

● કડી કેમ્પસની બી.એડ. કોલેજ ખાતે રવિવારના રોજ સવારના ૮.૦૦ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજાશે

## વાતવાતમાં

● શુક્રવારની મોડી રાત્રીથી શનિવારની સવાર સુધી સમગ્ર જિલ્લામાં ભારે ધુમ્મસ છવાયેલું રહ્યુ હતુ. આ ધુમ્મસના કારણે હાઈવે તથા અન્ય તમામ માર્ગો સહિત ગાંધીનગરના શહેરી રસ્તાઓ પર વાહનચાલકોને ભારે જોખમભર્યા વાતાવરણનો સામનો કરવો પડ્યો હતો.

● નવરાત્રીમાં આઠમનું વિશેષ મહત્વ હોવાને કારણે રવિવારે શહેરના અનેક શ્રદ્ધાળુઓ પોતાના વતનમાં હોમ-હવન, દર્શન ઈત્યાદિ અર્થે જઈ રહ્યા છે. આ કારણે શહેરના શેરી ગરબાઓમાં પાંખી હાજરી રહેવાની શક્યતાઓ જણાઈ રહી છે.

● શહેરમાં નવરાત્રીનો ઉત્સવ ઝડથી સમાપન તરફ ધસી રહ્યો છે. આ વર્ષે નવરાત્રીના પ્રારંભે વરસાદી વિઘ્ન નડ્યા બાદ હવે ઉઘાડ નીકળતા ટ્રેડિશનલ વસ્ત્રો ભાડે આપનારા વિતરકોને ત્યાં ખેલૈયાઓએ ભીડ જમાવી હતી. જેનો લાભ લઈ વિતરકોએ પણ આગળના દિવસોની નુકશાનીની ભરપાઈ કરવા ભાડામાં ધરખમ વધારો કર્યો હતો.

● શનિવારે બપોરના સુમારે શહેરના સે. ૧૬ના બેંકિંગ વિસ્તાર સામેના મુખ્ય માર્ગ ઘ-રોડ પર અચાનક એક પેસેન્જર રીક્ષા પલ્ટી ખાઈ જવા પામી હતી. આ અકસ્માત કેમ કરતા સર્જાયો તે તો કોઈને સમજાયુ નહી પરંતુ રીક્ષામાં સવાર બે મહિલા પેસેન્જરોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

## ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની બે વિદ્યાર્થીનીઓને બિરલા સ્કૉલરશીપ





ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ અનમોલ કનોડિયા અને સમીધા માયુર આદિત્ય બિરલા સ્કોલરશીપ પ્રોગ્રામ માટે પસંદગી પામ્યા છે. તેઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧,૮૦,૦૦૦ની સ્કોલરશીપ પ્રાપ્ત થશે. આગામી ૨૪મી ઓક્ટોબરના રોજ મુંબઈ ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં તેઓને સ્કોલરશીપની રકમ એનાયત કરવામાં આવશે.

# ડબલ મર્ડરનો આરોપી રાજુ ૧૦ દિવસનાં રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૮

કલોલનાં સઈજ વિસ્તારના સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં બે મહંતોની કરપીણ હત્યાનો ભેદ ઉકેલવામાં ગાંધીનગર પોલીસને સફ્ફતા મફ્રી છે અને ત્રણ હત્યારાઓ પૈકી એક સાગરીત રાજુને પકડી પાડ્યો છે. આજે કલોલ તાલુકા પોલીસે રાજુને સઘન પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેના ૧૦ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. ફરાર બંને મુખ્ય સુત્રધાર હત્યારાઓનુ લોકેશન મેફ્રવવા તથા હત્યાનુ કાવતરુ ક્યા અને કેવી રીતે ઘડાયુ તે સહિતની ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે. સહિત વિવિધ વિસ્તારોમાં તપાસ માટે દોડી હતી અને જેના પર શંકા હતી તે બે પુર્વ ચેલાઓએ જ અન્ય એક સાગરીત સાથે મફ્રીને હત્યા કરી પુર્વ ચેલાઓ પ્રદિપ અને દિપક મિશ્રાએ લુંટ કરવા તથા બદલો લેવા મહંતની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો હતો અને સાથે તેને પણ લઈ ગયા હતા. પ્રદિપ રુપિયાની પણ જરુર હતી. એટલે મંદિરમાં લુંટ કરી બદલો લેવા બે મહંતની હત્યા કરવામાં આવી હતી. મંદિરમાંથી રુ.૩૫ હજાર લુંટવામાં આવી હતી. આ રુપિયાનાં ભાગ પણ પાડી લેવામાં આવ્યા હતા.

### ફરાર બે મુખ્ય સુત્રધારોને પકડવા ગતિવીધી તેજ કરાઇ

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવનાં માર્ગદર્શન હેઠફ્ર કલોલ તાલુકા, સાંતેજ, એલ.સી.બી અને એસ.ઓ.જી ની ચાર ટીમો સઈજ ડબલ મર્ડરનો ભેદ ઉકેલવા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ હોવાનુ ખુલ્યુ છે. ત્રણ હત્યારાઓ પૈકી એક રાજુ નામનો શખ્સ ગઈ કાલે પોલીસનાં સકંજામાં આવી ગયો હતો. પોલીસે તેની મુંબઈથી ધરપકડ કરીને પુછપરછ કરતા કબુલાત કરી લીધી છે કે મહંતનાં અને દિપક સગામાં સાફ્રો બનેવી છે અને મે માસમાં પોતાના વતનમાં તે બંને તથા પ્રદિપના ભાઈઓએ મફ્રીને એક યુવાનની હત્યા કરી નાંખી હતી અને ત્યારથી દિપક અને પ્રદિપ નાસતા ફરે છે.

મંદિરનો આશરો લઈને તે બંને મહંતને ત્યા તેમની જાણ બહાર સંતાયા હતા. જો કે મહંતે તેમને કાઢી મુકતા લાગી આવ્યુ હતુ અને બદલો લેવો હતો. તે ઉપરાંત જેલમાં ગયેલા તેના ભાઈઓને બહાર કઢાવવા

રાજુને રુ.૧૦ હજાર મળ્યા હતાં. તે ઉપરાંત મંદિરમાંથી ચાંદીનાં સિક્કાઓની પોટલી પણ મફ્રી હતી તે દિનેશ અને પ્રદિપ પાસે છે. રાજુને આજે પોલીસે કોર્ટમાં રજુ કરતા કોર્ટે વધુ પુછપરછ માટે ૧૦ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. જેને આધારે પોલીસે સઘન પુછતાછ શરુ કરી અન્ય ફરાર બે આરોપીઓને પકડવા તથા વધુ મજબુત પુરાવાઓ મેફ્રવવાને કર્યવાહી આરંભી છે.

# લીપ ઈન્ટરનેશનલ સ્કૂલના ભૂલકાઓ ગરબે ઘૂમ્યા



ગાંધીનગર શહેરમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી શેરી, સેકટરો અને પાર્ટી પ્લોટમાં ધામધૂમથી થઈ રહી છે. નવરાત્રિ મહોત્સવનો માહોલ સ્કૂલ, કોલેજો અને સરકારી કચેરીમાં પણ જોવા મળી રહ્યો છે. આજરોજ સૅકટર-૨ ખાતે આવેલી લીપ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીપ સ્કૂલના નર્સરી, પ્લેગૃપ અને કે. જી.ના નાના ભૂલકાઓ ડી. જે.ના તાલે પોતાની આગવી શૈલીમાં અને મસ્તીમાં ઝુમી ઉઠયા હતા, તેમની સાથે શાળા પરિવાર અને વાલીઓ પણ જોડાઈ ગયા હતા.

## વનસંરક્ષકની ભરતી માટે જિલ્લાના ૧૪૭૦૯ ઉમેદવારો આજે પરીક્ષા આપશે

વનવિભાગ દ્વારા આજે વનસંરક્ષકની ભરતી માટે લેખિત પરીક્ષા યોજવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજયમાંથી ૭ લાખ જેટલા ફોર્મ ભરાયા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૧૪૭૦૯ ઉમેદવારો પરીક્ષા આપશે. ઉમેદવારો માટે ૪૩ બિલ્ડીંગના ૪૯૧ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સવારે ૧૧ થી ૧ ના સમયગાળામાં પરીક્ષા યોજાશે.

રાજયમાં સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ નિખરી છે. નવરાત પર્વની ઉજવણીની સાથે પરીક્ષાઓનો દોર પણ હવે શરૂ થશે. આજે વનસંરક્ષકની ભરતી માટે લેખિત પરીક્ષા યોજવામાં આવશે. ૨૦૦ ગુણની આ પરીક્ષા માટે રાજયમાંથી ૭ લાખ જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. તા ૯ ઓકટોબરના રોજ સવારે ૧૧થી ૧ કલાક દરમિયાન યોજાનારી વનસંરક્ષકની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાંથી પણ ૧૪૭૦૩ ઉમેદવારો પરીક્ષા આપશે. ૪૩ બિલ્ડીંગોમાં ૪૯૧ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્કોવોડની ટીમ પણ રાઉન્ડ લેશે. હાલ વનસંરક્ષકની ભરતી માટે લેખિત પરીક્ષા લેવાશે જયારે લેખિત પરીક્ષાના અંતે ફિઝીકલ પરીક્ષા પણ લેવાશે. બેરોજગારો માટે સ્પર્ધાત્મક પરીક્ષાનો દૌર આર્શીવાદરૂપ સાબીત થશે. પરીક્ષાને અનુલક્ષી ઉમેદવારો તૈયારીમાં ગળાડુબ બન્યા છે.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ઉપરાંત શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ પણ ગરબા કાર્યક્રમમાં જોડાયો હતો. શૈક્ષણિક સંસ્થાનો માહોલ સાંસ્કૃતિક માહોલમાં તબદિલ થઈ ગયો એટલા ઉત્સાહપૂર્ણ વાતાવરણનું સર્જન આ પ્રસંગે થયું હતું.

# આજે દૈવી શક્તિના આઠમા સ્વરૂપ ''મહાગૌરી'નાં પૂજનઅર્ચન

**અન્નપૂર્ણા, ઐશ્વર્યપ્રદાયિની, ચૈતન્યમયી અને ત્રૈલેક્યોપૂજ્યા તરીકે પણ આ સ્વરૂપનું પૂજન થાય છે : ઉપાસક અક્ષયપુણ્યોનો અધિકારી બને છે**

આદ્યશક્તિ દેવી ભગવતીના સ્મરણમાત્રથી આનંદ થા, જેમના પૂજનથી મનોકામના સિદ્ધ થાય, જેમની આરાધના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે તેવી જગદંબા માએ અનેકવિધ અવતાર ધારણ કરેલા છે. જેમાં નવરાત્રી દરમ્યાન નવ સ્વરૂપોના અવતારનો પણ સમાવેશ થાય છે. આજે આ અવતાર પૈકી આઠમા સ્વરૂપે 'મહાગૌરી'નું પૂજન-અર્ચન કરવામાં આવશે. ભક્તિ-ભાવપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી આ આઠમી શક્તિના પૂજનથી સાધકને ધન-વૈભવ



અને સુખશાંતિની પ્રાપ્તિ થાય છે.

દેવી-દેવતાઓ પણ એકબીજાના પૂજન-અર્ચન તથા આરાધના કરી ઈચ્છિત ફળ પ્રાપ્ત કરતા હતા, જેમાં નવરાત્રીના આઠમા સ્વરૂપ એવા 'મહાગૌરી'એ ભગવાન શિવને પામવા કઠોર તપસ્યા કરી હતી. તેમાં તેમનો વર્ણ કાળો થઈ ગયો હતો. પરંતુ દેવીની તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ટ મહાદેવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયું હતું, ત્યારે તેમનો વર્ણ વિદ્યુતપ્રભાની જેમ અત્યંત કાંતિમાન અને શ્વેત થઈ ગયો હતો. ત્યારથી તેઓ 'મહાગૌરી' તરીકે પૂજનીય થયા હતા. મહાગૌરીના આ સ્વરૂપને અન્નપૂર્ણા, ઐશ્વર્ય પ્રદાયિની, ચૈતન્યમયી અને ત્રૈલોક્ય-પૂજ્યા તરીકે પણ પૂજવામાં આવે છે. મહાગૌરી શારીરિક-માનસિક અને સંસારીક તાપને હરણ કરવાવાળી દેવી પણ ગણાય છે. આ દેવીની શક્તિ અમોઘ છે અને તે સદ્ય-ફલદાયીની છે. માની ઉપાસનાથી આ જન્મના જ નહીં પણ પૂર્વ જન્મના પાપ પણ ધોવાય છે. અનો ઉપાસક પવિત્ર અનો અક્ષયપુણ્યોનો અધિકારી બને છે.

માતાજી મહાગૌરીનો વર્ણ પૂર્ણપણે શ્વેત છે અને માતાજીના આ ગૌરવર્ણની ઉપમા શંક, ચંદ્ર અને કુંદના ફૂલો સાથે કરાઈ છે. માતાજીના તમામ વસ્ત્રો અને આભૂષણો શ્વેત છે. મસ્તક ઉપર ચંદ્રનો મુગટ ધારણ કર્યો છે અને તેમનું વાહન વૃષભ એટલે કે બળદ છે. દેવીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં ત્રિશુલ છે જ્યારે ઉપરના ડાબા હાથમાં ડમરૂ અને નીચેના હાથમાં વરમુદ્રા છે. દેવીમાતા શાંત મુદ્રામાં બિરાજમાન છે, જેમના સ્મરણમાત્રથી ભક્તોને અપાર ખુશીઓ મળે છે.

મહાગૌરી ધન, વૈભવ અને સુખશાંતિની અધિષ્ઠાત્રી દેવી તરીકે પણ પૂજાય છે. આ દેવી સુમધુર ગીત-સંગીતથી અતિપ્રસન્ન બને છે. વિધિવિધાનપૂર્વક માતા મહાગૌરીનું પૂજન કરવાથી સાધકનું 'બિંદુચક્ર' જાગૃત થાય છે અને તમામ સંકટોમાંથી મુક્ત થાય છે. આઠમું સ્વરૂપ 'મા દુર્ગા'નું પણ ગણાય છે. દુર્ગમ અસુરોનો દેવસ્ત કરી જગતનું કલ્યાણ કરનારાં માતા પાર્વતીનું સ્વરૂપ પણ મનાય છે.

## ગાંધીનગર ખાતે પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજી પરમાર વ્યાખ્યાનમાળા ૧૨મી ઑક્ટોબરે

ગાંધીનગર, તા. ૮

૯૭ વર્ષની આયુએ પહોંચેલાં, ભાવનગરમાં વસતા, શામળદાસ આર્ટ્સ કોલેજના નિવૃત્ત આચાર્ય, ગુજરાતના શિક્ષણ-સાહિત્ય-સંસ્કાર જગતના અત્યંત આદરણીય અને પ્રેમમૂર્તિ તખ્તસિંહજી પરમાર (ગુરુજી)ના નામ સાથે સંકળાયેલી વ્યાખ્યાન માળા ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે. તા. ૧૨ ઑક્ટોબરના રોજ સાંજે પાંચ કલાકે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ, બ્લોક નં. ૧૬૪/૪, ચ ટાઈપ, સૅક્ટર-૧૭ ખાતે આ શ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન 'મારી શબ્દયાત્રા' યોજાઈ રહ્યું છે.

## ચિરવિદાય

● સ્વ.